# આણંદ કૃષિ વિશ્વવિદ્યાલય

## આણંદ-૩૮૮ ૧૧૦

શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓને કેરીયર એડવાન્સમેન્ટ યોજના અંતર્ગત પગાર બાંધણી કરવા બાબત...

વંચાણે લીધાઃ ૧. અત્રેની કચેરીના પરિપત્ર નં. આકૃયુ/રજી/એડીએમ-૧/૩૪૦૨, તા.૨૩/૦૮/૨૦૨૪.

૨. હિસાબ નિયામકશ્રી, આ.કૃ.યુ., આણંદના પત્ર નં. આકૃયુ/હિનિ/ પે એન્ડ પેન્શન સેલ/૬૩૯૮, તા.૦૭/૦૧/૨૦૨૫.

# પરિપત્ર

આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકના તમામ કચેરીના વડાશ્રીઓને જણાવવાનું કે, વંચાણે લીધેલ ક્રમ-૧ના પરિપત્રથી શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓને કેરીયર એડવાન્સમેન્ટ યોજના અંતર્ગત પગાર બાંધણી કરવાના હેતુસર કાર્યપધ્ધતિ નકકી કરવામાં આવેલ છે. હિસાબ નિયામકશ્રીના ઉકત વંચાણે લીધેલ ક્રમ-રના પત્રના અનુસંધાને, વંચાણે લીધેલ ક્રમ-૧ના પરિપત્રનો મુદ્દા નં. ૨ રદ કરવામાં આવે છે.

વધુમાં જણાવવાનું કે, કેરીયર એડવાન્સમેન્ટ યોજના અંતર્ગત પગાર બાંધણીની ચકાસણી યુનિવર્સિટીનું આંતરિક ઓડીટ અને પગાર ચકાસણી એકમ, હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર ધ્વારા થયા બાદ જ આઇ.એફ.એમ.એસ. હેઠળના પગાર બાંધણી મોડયુલમાં અપડેટ કરાવવાના રહેશે. વંચાણે લીધેલ ક્રમ-૧ના પરિપત્રની અન્ય વિગતો યથાવત રહેશે.

આઇ.એફ.એમ.એસ. હેઠળના પગાર બાંધણી મોડયુલમાં કર્મચારીનો કેસ અપડેટ કરાવવાની સંપૂર્ણ જવાબદારી જે તે કચેરીના વડાની રહેશે.

આ પરિપત્ર યુનિવર્સિટીના કામકાજના હિતમાં જારી કરવામાં આવે છે.

(ગૌતમ આર. પટેલ)
કુલસચિવ

જા.નં.આકૃયુ/રજી/એડીએમ-૧/૨૯૯ /૨૦૨૫
તા.૧૦/૦૧/૨૦૨૫

**નકલ રવાના પ્રતિ** :

૧. આણંદ કૃષિ યુનિવર્સિટીના સર્વે યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ.
૨. નિયામકશ્રી, ઇન્ફો. ટેકનોલોજી, આ.કૃ.યુ., આણંદ તરફ સદર પરિપત્ર વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા સારૂ.